For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# મહાપાલિકાની સાધારણ સભામાં ધાંધલ-ધમાલ

## ગેટને તાળાં મારવા અને VGL પંપ ફાળવણી મુદ્દે શાસક-વિપક્ષ આમને-સામને

**મુલાકાતીઓ** માટે મુખ્ય દરવાજો બંધ કરવા અંગે વિપક્ષનો ગંભીર આક્ષેપ

**અજીત** દધિચ અને આશિષ જોશી વચ્ચે તીખી બહેસ બાદ વાતાવરણ ગરમાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા મહાનગરપાલિકાની સામાન્ય સભા શ્રી સયાજીરાવ ગૃહ ખાતે યોજાઈ હતી. સભામાં પાલિકાના મુખ્ય ગેટને તાળાં મારવાના નિર્ણય અને વડોદરા ગેસ લિમિટેડ (VGL) દ્વારા પંપની ફાળવણી સહિતના મુદ્દે વિપક્ષે સત્તાપક્ષ અને મ્યુનિસિપલ કમિશનરને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો. ચર્ચા દરમિયાન કાઉન્સિલરો વચ્ચે શાબ્દિક ઘર્ષણ પણ સર્જાયું હતું. વિવિધ પ્રશ્નો અંગે થયેલી ચર્ચાને પગલે સભામાં રાજકીય માહોલ ગરમાયો હતો.

પાણી, ડ્રેનેજ અને સ્વચ્છતા જેવા પ્રશ્નોની રજૂઆત માટે આવતા નાગરિકો માટે પાલિકાનો મુખ્ય ગેટ બંધ રાખવામાં આવતો હોવાનો મુદ્દો વિપક્ષે ઉઠાવ્યો હતો. વિપક્ષી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ, વોર્ડ નં. 1નાં કાઉન્સિલર પુષ્પા વાઘેલા અને આશિષ જોશીએ આક્ષેપ કર્યો હતો કે ગેટ બંધ રાખવાથી નાગરિકોનો અવાજ દબાવાય છે અને તેઓ પોતાની રજૂઆત કરી શકતા નથી. પ્રજાના પ્રશ્નો સાંભળવા માટે યોગ્ય વ્યવસ્થા કરવાની પણ માંગ ઉઠાવવામાં આવી હતી.

આ મુદ્દે ભાજપના કાઉન્સિલર અજીત દધિચ અને વિપક્ષના આશિષ જોશી વચ્ચે તીખી બોલાચાલી થઈ હતી. અજીત દધિચે આક્ષેપ કર્યો હતો કે કમિશનર દ્વારા જવાબ અપાઈ ગયા બાદ પણ એક જ મુદ્દો વારંવાર ઉઠાવી સભાનો સમય બગાડવામાં આવે છે. બીજી તરફ, કમિશનર અને સત્તાપક્ષે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા ગેટ બંધ રાખવામાં આવતો હોવાનું જણાવ્યું હતું.



કોંગ્રેસનાં કાઉન્સિલર દીપા શ્રીવાસ્તવે VGL દ્વારા ત્રણ પંપની ફાળવણી અંગે સવાલો ઉઠાવી લેખિત જવાબની માંગ કરી હતી. એક મહિલા અગ્રણીએ પણ મેયર અને કમિશનરને રૂબરૂ રજૂઆત કરી ફાળવણી કયા નિયમોના આધારે થઈ તે અંગે સ્પષ્ટતા માગી હતી. આ પ્રક્રિયામાં કથિત ગેરરીતિ થઈ હોવાના આક્ષેપો વચ્ચે મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે. કમિશનરે સંબંધિત વિભાગો પાસેથી વિગતો મેળવી ટૂંક સમયમાં લેખિત જવાબ આપવાની ખાતરી આપી હતી. હવે આ મુદ્દે પાલિકા તંત્રના જવાબ અને આગળની કાર્યવાહી પર સૌની નજર રહેશે.

---

પ્રજા-પ્રતિનિધિઓની રજૂઆતો પંચાયતમાં અટવાઈ

# જિ.પં.ની સામાન્ય સભામાં વિપક્ષનો હોબાળો કમિશનખોરીના આક્ષેપોથી રાજકારણ ગરમાયું

**દલાલો** મારફતે આવતી ફાઇલો ઝડપથી મંજૂર થતી હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા જિલ્લા પંચાયતની મળેલી સામાન્ય સભા શરૂઆતથી જ વિવાદાસ્પદ અને તોફાની વાતાવરણ વચ્ચે ઘેરાયેલી રહી હતી. સભાની કાર્યવાહી દરમિયાન શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે અનેક મુદ્દે ઉગ્ર બોલાચાલી અને ઘમાસાણ જોવા મળ્યું હતું. ખાસ કરીને જિલ્લા પંચાયતની વહીવટી કાર્યપદ્ધતિ સામે વિપક્ષી સભ્યોએ આક્રમક રૂખ અપનાવતા સમગ્ર ગૃહમાં ગરમાગરમીનું વાતાવરણ સર્જાયું હતું.

સભાની કાર્યવાહી દરમિયાન શિનોર બેઠકના કોંગ્રેસના સભ્ય ભૂપેન્દ્ર પટેલે જિલ્લા પંચાયતમાં ચાલતી મનમાની અને કથિત ભ્રષ્ટાચાર સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, જિલ્લા પંચાયતમાં જનતા દ્વારા ચૂંટાઈને આવેલા જવાબદાર સભ્યોના લોકઉપયોગી અને વિકાસના કામો જાણી જોઈને પેન્ડિંગ રાખવામાં આવે છે કે પછી કરવામાં આવતા નથી. સભ્યોની રજૂઆતો તરફ આંખઆડાકાન કરવામાં આવે છે, જ્યારે બીજી બાજુ બહારના દલાલો બેરોકટોક સક્રિય છે.



ભૂપેન્દ્ર પટેલે વધુમાં આક્ષેપ કર્યો હતો કે, પંચાયત કચેરીમાં દલાલો પાંચ ટકા જેટલું કમિશન લઈને વહીવટી અને ટેન્ડર કે મંજૂરીના કામો આસાનીથી કરાવી આપે છે. સામાન્ય પ્રજા કે ચૂંટાયેલા સભ્યોના કામો ફાઈલોમાં અટવાઈ રહે છે, પરંતુ દલાલો મારફતે આવતી ફાઈલો પર ત્વરિત મંજૂરીઓની મહોર વાગી જાય છે. આ પ્રકારના ગંભીર આક્ષેપોને પગલે સભાખંડનું વાતાવરણ વધુ ગરમાયું હતું અને સત્તાધારી પક્ષના સભ્યો સામે પણ સવાલો ઉઠ્યા હતા. જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિપક્ષ દ્વારા કરવામાં આવેલા આ પ્રકારના ધડાકા અને હોબાળાને કારણે વહીવટી તંત્ર અને શાસકોની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. આગામી સમયમાં આ મુદ્દો રાજકીય મોરચે વધુ વેગ પકડે તેવી પૂરી સંભાવના છે.

---

# જાહેરમાં મેડિકલ કચરો ફેંકતા ક્લિનિકને સીલ, રૂ.૧૦ હજારનો દંડ

**પંચશીલ** કોમ્પ્લેક્સના ચંચલ ક્લિનિક સામે મનપાની કાર્યવાહી

**દંડ વસૂલી** સીલ ખોલાયું, ફરી ગંદકી ફેલાવશે તો રૂ.૫૦ હજાર સુધીનો દંડ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં જાહેરમાં કચરો ફેંકી ગંદકી ફેલાવનારાઓ સામે મહાનગરપાલિકાએ કાર્યવાહી શરૂ કરી છે. હરણી-વારસિયા રિંગ રોડ પર આવેલા પંચશીલ કોમ્પ્લેક્સના ચંચલ ક્લિનિક દ્વારા જાહેર માર્ગ પર કચરો ફેંકવામાં આવતો હોવાની ફરિયાદ મળતાં પાલિકાએ કાર્યવાહી કરી હતી.

સ્થાનિક નાગરિકોની ફરિયાદના આધારે વહીવટી વોર્ડ નંબર-4ના સિનિયર સેનેટરી ઈન્સ્પેક્ટર રમણભાઈ પટેલની ટીમે સ્થળ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન



ક્લિનિક દ્વારા જાહેરમાં કચરો ફેંકવામાં આવતો હોવાની ફરિયાદ સાચી જણાતાં તંત્રએ ક્લિનિકને સીલ મારી દીધું હતું. ત્યારબાદ નિયમોના ભંગ બદલ સંચાલક પાસેથી રૂ.10 હજારનો વહીવટી દંડ વસૂલવામાં આવ્યો હતો. તબીબી સેવા આવશ્યક હોવાથી દર્દીઓને મુશ્કેલી ન પડે તે હેતુથી દંડ વસૂલ્યા બાદ ક્લિનિકનું સીલ ખોલી આપવામાં આવ્યું હતું. પાલિકા તંત્રએ ક્લિનિક સંચાલક સહિત શહેરમાં ગંદકી ફેલાવનારાઓને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, ભવિષ્યમાં આવી બેદરકારી જણાશે તો રૂ.50 હજાર સુધીનો દંડ ફટકારવામાં આવશે. મનપાની આ કાર્યવાહીથી જાહેરમાં કચરો ફેંકનારાઓમાં ફફડાટ ફેલાયો છે.

---

# મંજુસરની સ્વીચ ગિયર્સ કંપનીમાં કરંટ લાગતાં યુવાનનું મોત

(પ્રતિનિધિ) સાવલી તા.15

સાવલી તાલુકાના લસુવા ગામની સીમમાં આવેલી પોપ્યુલર સ્વીચ ગિયર્સ કંપનીમાં કામ દરમિયાન કરંટ લાગતાં ઉત્તર પ્રદેશના 25 વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે કંપનીમાં કામ કરતા અન્ય કર્મચારીઓમાં પણ ચકચાર મચી ગઈ હતી.

ઉત્તર પ્રદેશના કાનપુર દેહાત જિલ્લાના સિકંદરા તાલુકાના રજોલી ગામનો રહેવાસી નિખિલ શિવનારાયણ પાલ કંપનીના પ્લાન્ટમાં પેનલ બોર્ડનું કામ કરી રહ્યો હતો. દરમિયાન તેના જમણા હાથની આંગળીઓ અને ડાબા હાથના અંગૂઠાના ભાગે કરંટ લાગતાં તે ગંભીર રીતે ઘવાયો હતો. નિખિલને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જોકે, ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. યુવાનના મોતના સમાચારથી તેના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી. બનાવ અંગે મંજુસર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

બેંકના લેટરપેડ પર બનાવટી રસીદો અને હરાજીના ખોટા પત્રો બનાવ્યા

# SBIની સીઝ મિલકતો અપાવવાના બહાને બિલ્ડર સાથે રૂ.૧.૫૫ કરોડની છેતરપિંડી

**રૂ.39.50 લાખ** પરત આપ્યા, બાકીની રકમ નહીં મળતાં હરણી પોલીસમાં ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદામાં બેંકની સીઝ કરેલી મિલકતો હરાજીની લાંબી પ્રક્રિયા વિના અપાવવાની લાલચ આપીને કન્સ્ટ્રક્શનના વેપારી સાથે રૂ.1.55 કરોડની છેતરપિંડી થયાનો કિસ્સો સામે આવ્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)માં લોન એજન્ટ તરીકે કામ કરતા હોવાની ઓળખ આપીને આરોપીએ બનાવટી રસીદો અને હરાજીના ખોટા પત્રો દ્વારા વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. આ મામલે હરણી પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

વડોદરાના બાજવા ગામમાં રહેતા અને સિમેન્ટ બ્લોક બનાવવાનો વ્યવસાય કરતા 53 વર્ષીય નિલેશભાઈ પટેલને કૌશિકભાઈ શંકરભાઈ પટેલે બેંકમાં એનપીએ થયેલી અને સીઝ કરાયેલી વિવિધ મિલકતો બતાવી હતી. આ મિલકતો હરાજી વિના સીધી અપાવી દેવાની ખાતરી આપીને આરોપીએ અલગ-અલગ સમયે પોતાના અને પરિચિતોના બેંક ખાતામાં RTGS તથા NEFT મારફતે રૂ.1.39 કરોડ જમા કરાવ્યા હતા. વેપારીને વિશ્વાસમાં લેવા SBIના લેટરપેડ પર ખોટી સહીઓ કરીને બનાવટી રસીદો, ડેબિટ-ક્રેડિટ વાઉચરો અને મિલકતોના હરાજીના નકલી ઓક્શન લેટર તૈયાર કર્યાનો આક્ષેપ છે. આ ઉપરાંત, મિલકતોના દસ્તાવેજ કરાવવા સ્ટેમ્પ ડ્યુટીના નામે રૂ.15.12 લાખ રોકડા પણ વસૂલવામાં આવ્યા હતા. આમ, કુલ રૂ.1.55 કરોડ જેટલી રકમ લેવામાં આવી હતી.

ફરિયાદ મુજબ, આરોપીએ વધુ રકમ પરત આપવાની વાત કરીને અન્ય વ્યક્તિઓના નામના ચેક આપ્યા હતા, પરંતુ ચેક બાઉન્સ થયા હતા. બીજી તરફ, નક્કી કર્યા મુજબ મિલકતોના વેચાણ દસ્તાવેજ પણ કરી આપવામાં આવ્યા નહોતા.

આરોપીએ બાંહેધરીખત મુજબ અત્યાર સુધીમાં રૂ.39.50 લાખ પરત આપ્યા છે, જ્યારે બાકીના રૂ.1.15 કરોડથી વધુની રકમ પરત આપી નથી. વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં નહીં મળતાં અને ધાકધમકી અપાતી હોવાના આક્ષેપ સાથે નિલેશભાઈએ હરણી પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

---

# વિદ્યાર્થીઓની સુરક્ષા માટે સ્કૂલ-કોલેજોમાં CCTV ફરજિયાત

**ડીજીપીનો** તમામ પોલીસ કમિશનરો અને એસપીને આદેશ, પ્રવેશદ્વાર, પાર્કિંગ અને કોરિડોરમાં કેમેરા લગાવવા સૂચના

**નિયમોનું** પાલન નહીં કરનાર સંસ્થાઓને નોટિસ અને દંડ ફટકારાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

રાજ્યમાં વિદ્યાર્થીઓ સાથે છેડતી, મારામારી અને ગુંડાગીરીની વધતી ઘટનાઓને પગલે પોલીસ વિભાગ એક્શનમાં આવ્યો છે. રાજ્યના પોલીસ વડા (ડીજીપી)એ તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા પોલીસ વડાઓને રાજ્યની સરકારી-ખાનગી શાળાઓ, કોલેજો અને કોચિંગ ક્લાસમાં સીસીટીવી કેમેરા લગાવવાના આદેશનું પાલન કરાવવા સૂચના આપી છે.

ડીજીપી દ્વારા જાહેર કરાયેલા નિર્દેશો મુજબ, જાહેર સલામતી અધિનિયમ હેઠળ શૈક્ષણિક સંસ્થાઓના પ્રવેશદ્વાર, પાર્કિંગ ઝોન, કોરિડોર અને અન્ય સંવેદનશીલ સ્થળોએ હાઈ-રિઝોલ્યુશન સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે. વાહનોના પાર્કિંગ સ્થળો તેમજ કેમ્પસના બ્લાઈન્ડ સ્પોટ્સ પર વિશેષ ધ્યાન આપવા જણાવાયું છે.

ડીજીપીએ જણાવ્યું છે કે, શૈક્ષણિક સંસ્થાઓમાં માત્ર પરીક્ષામાં ચોરી જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ વચ્ચેની મારામારી અને ગુંડાગીરીની ઘટનાઓ પણ ચિંતાજનક છે. ઉપરાંત, કેમ્પસની બહાર વિદ્યાર્થીનીઓને નિશાન બનાવી છેડતી કરવાના બનાવો પણ બનતા હોય છે. આવી ઘટનાઓ પર નિયંત્રણ લાવવા સીસીટીવી દેખરેખ જરૂરી છે. આગામી દિવસોમાં સ્થાનિક પોલીસ સ્ટેશન અને જિલ્લા શિક્ષણ કચેરીની ટીમો શાળાઓ તથા કોલેજોમાં સીસીટીવી વ્યવસ્થાની તપાસ કરશે. આદેશનું પાલન નહીં કરતી સંસ્થાઓને કારણદર્શક નોટિસ ફટકારવા ઉપરાંત નિયમો મુજબ દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે.

---

ઈચ્છુકો 30 ઓક્ટોબર સુધી ૪ નકલમાં અરજી કરી શકશે

# ફટાકડાની હંગામી દુકાનો માટે પો.કમિ. કચેરીમાંથી પરવાનો મેળવો ફરજિયાત

**દુકાનો** વચ્ચે ૫ મીટર અને રહેણાક વિસ્તારથી ૧૦૦ મીટરનું અંતર જરૂરી

**CCTV** સહિત અગ્નિસુરક્ષાનાં સાધનો રાખવા પડશે

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં દિવાળી-2026 દરમિયાન ફટાકડાની હંગામી દુકાનો શરૂ કરવા ઈચ્છતા વેપારીઓએ પોલીસ કમિશનર કચેરીમાંથી ફરજિયાત પરવાનો મેળવવો પડશે. આ અંગે પોલીસ કમિશનર કચેરી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. વેપારીઓએ જરૂરી દસ્તાવેજો અને દુકાનના નકશા સાથે ફોર્મ નંબર-4માં ચાર નકલમાં અરજી 30 ઓક્ટોબર, 2026 સુધીમાં લાયસન્સ શાખામાં જમા કરાવવાની રહેશે. સમયમર્યાદા બાદ મળતી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. પરવાના માટેની રૂ.600ની ફી કચેરીની સૂચના મળ્યા બાદ SBIની માંડવી શાખામાં ચલણથી ભરવાની રહેશે.

જાહેરનામા મુજબ, દુકાનનું બાંધકામ ઈંટ, પથ્થર, કોંક્રિટ અથવા આગ ઝડપથી ન પકડે તેવી સામગ્રીથી કરવાનું રહેશે. દુકાનનું ભોયતળિયું ઓછામાં ઓછું નવ ચોરસ મીટરનું હોવું જોઈએ અને પ્રવેશ તથા બહાર નીકળવા માટે અલગ માર્ગ રાખવાના રહેશે. બે દુકાનો વચ્ચે ઓછામાં ઓછું પાંચ મીટરનું અંતર અને રહેણાક વિસ્તારથી 100 મીટર દૂર ખુલ્લી જગ્યામાં દુકાનો હોવી જરૂરી છે. પરવાનામાં દર્શાવેલા ફટાકડા સિવાય અન્ય વસ્તુઓનું વેચાણ કરી શકાશે નહીં. ચાઈનીઝ બનાવટની બંદૂકો અને જોખમી ભડકો કરતી બનાવટોના વેચાણ પર પણ પ્રતિબંધ રહેશે.

દુકાનોની હરોળમાં CCTV કેમેરા L આકારમાં ગોઠવી સમગ્ર વિસ્તાર પર નજર રાખવાની સૂચના આપવામાં આવી છે. આગ સામે રક્ષણ માટે રેતી-પાણીની ડોલ, સ્મોક ડિટેક્ટર અને વોટર સ્પ્રિંકલર રાખવાનાં રહેશે. ટુ-વ્હીલર, ફોર-વ્હીલર તથા દુકાનદારોનાં વાહનો માટે અલગ પાર્કિંગ વ્યવસ્થા કરવી પડશે. માલસામાન લઈ જતાં વાહનોને રાત્રે 12થી સવારે 8 વાગ્યા દરમિયાન જ પ્રવેશ મળશે અને પાર્કિંગ દુકાનોથી ઓછામાં ઓછું 25 મીટર દૂર રાખવાનું રહેશે. વેપારીઓએ સંબંધિત પોલીસ સ્ટેશનની સૂચનાઓ મેળવી તેનું પાલન કરવાનું રહેશે. પરવાના વિના ફટાકડાનું વેચાણ કરી શકાશે નહીં.

---

જન્મ-મરણના દાખલા મેળવવા હવે ધક્કા ખાવામાંથી મુક્તિ

# ૨૦૨૦ પહેલાનાં જન્મ-મરણના દાખલાઓ ૪૦ UPHC પરથી મળશે

**CRS** પોર્ટલથી PDF ડાઉનલોડ કરી શકાશે, સુધારા માટે આધારભૂત દસ્તાવેજો રજૂ કરવા પડશે

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

વડોદરા મહાનગરપાલિકા દ્વારા નાગરિકોની સુવિધા માટે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૦ પહેલાના જન્મ-મરણના દાખલા મેળવવા અને તેમાં જરૂરી સુધારા-વધારા કરાવવાની પ્રક્રિયા હવે વધુ સરળ બનશે. આ કામગીરી કેન્દ્ર સરકારના સિવિલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (CRS) પોર્ટલ મારફતે કરવામાં આવશે.

આ સેવા વડોદરા શહેરનાં તમામ ૪૦ અર્બન પ્રાઈમરી હેલ્થ સેન્ટર (UPHC) પરથી ઉપલબ્ધ થશે. નાગરિકોએ જન્મ કે મરણની નોંધણી વખતે દર્શાવેલા રહેઠાણની નજીકના નિયત UPHC સેન્ટરનો સંપર્ક કરવાનો રહેશે. CRS પોર્ટલ મારફતે અરજદારના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી પર દાખલાની PDF કોપી મેળવી શકાશે. આ કોપી સરકારી તેમજ બિનસરકારી કામગીરીમાં માન્ય રહેશે.

વર્ષ ૨૦૨૦ પહેલાના દાખલામાં નામ સહિતની વિગતોમાં સુધારા માટે પણ સંબંધિત UPHC સેન્ટર પર અરજી કરવાની રહેશે. આ માટે બોનાફાઈડ સર્ટિફિકેટ, સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ, પાસપોર્ટ, આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, રેશનકાર્ડ અથવા ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા આધારભૂત દસ્તાવેજો રજૂ કરવા પડશે. જરૂરિયાત મુજબ કાયદાકીય જોગવાઈ અનુસાર નિયત ફોર્મેટમાં સોગંદનામું પણ આપવાનું રહેશે.

તમામ ૪૦ UPHC સેન્ટરનાં નામ અને સરનામાંની વિગતો મનપાની સત્તાવાર વેબસાઈટ [www.vmc.gov.in](http://www.vmc.gov.in) પર ઉપલબ્ધ છે. નવી વ્યવસ્થાથી નાગરિકોને દાખલા મેળવવામાં અને સુધારા કરાવવામાં સરળતા રહેશે.

---

સમા સબ રજિસ્ટ્રાર કચેરીના બોગસ દસ્તાવેજ અને સિક્કાવાળી પહોંચો આપી

# PM આવાસ યોજનાના નામે દૂધના વેપારી પાસેથી ઠગ એજન્ટે રૂ.૧૭.૭૫ લાખ ખંખેર્યા

**પરત** આપેલા ચેક પણ બાઉન્સ થતાં છેતરપિંડી આચરનાર જીલ બારોટ સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

સસ્તા ભાવે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન અપાવવાની લાલચ આપીને વડોદરાના એક દૂધના વેપારી સાથે રૂ.17.75 લાખની મોટી છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીએ સબ રજિસ્ટ્રાર કચેરીના સીલવાળા બોગસ દસ્તાવેજો આપી વિશ્વાસ કેળવ્યો હતો. આ મામલે કપુરાઈ પોલીસે આરોપી જીલ બારોટ સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

વડોદરાના ગાજરાવાડી વિસ્તારમાં રહેતા અને ડભોઈ રોડ પર બરોડા ડેરીનું કેન્દ્ર ચલાવતા 46 વર્ષીય સુરેશભાઈ ગુપ્તાને ખટંબા અર્બન રેસિડેન્સીમાં મકાન લેવું હતું. તેમને જાણવા મળ્યું હતું કે સેવાસી રોડ પર રહેતો જીલ અશોકકુમાર બારોટ આ યોજનામાં મકાન અપાવવાનું કામ કરે છે. જીલ બારોટે સુરેશભાઈને બે આવાસ બતાવતા બંને પસંદ આવ્યા હતા, જેથી મકાન દીઠ રૂ.11 લાખ લેખે કુલ રૂ.22 લાખમાં સોદો નક્કી થયો હતો.

આરોપી જીલ બારોટે મકાન દીઠ રૂ.3.50 લાખ ટોકન પેટે માગ્યા હતા. જેથી સુરેશભાઈએ ફેબ્રુઆરી 2026માં રૂ.7 લાખનો ચેક આપ્યો હતો. ત્યારબાદ અવારનવાર આરટીજીએસ (RTGS) મારફતે પણ રકમ મેળવીને આરોપીએ રૂ.17.75 લાખ પડાવી લીધા હતા. બાકીની રૂ.4.25 લાખની રકમ માટે લોન કરાવી આપવાની ખાતરી આપી હતી. નાણાં મેળવ્યા બાદ જીલ બારોટે મકાન રજિસ્ટર થઈ ગયું હોવાની કાગળોની નકલો તથા સમા સબ રજિસ્ટ્રાર કચેરીના સીલવાળી પહોંચો સુરેશભાઈને આપી હતી. પરંતુ જ્યારે સુરેશભાઈએ સમા સબ રજિસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ તપાસ કરી ત્યારે આ તમામ દસ્તાવેજો સાવ બોગસ હોવાનો ખુલાસો થયો હતો.

છેતરપિંડીનો અહેસાસ થતાં સુરેશભાઈએ પોતાના નાણાં પરત માગ્યા હતા. આથી આરોપી જીલ બારોટે રૂ.11 લાખ અને રૂ.6.75 લાખના બે ચેક આપ્યા હતા. પરંતુ બેંકમાં જમા કરાવતા બંને ચેક રિટર્ન (બાઉન્સ) થયા હતા. આખરે ભોગ બનનાર વેપારીએ કોર્ટ અને પોલીસનો સંપર્ક કરતા કપુરાઈ પોલીસે આરોપી જીલ બારોટ સામે બોગસ દસ્તાવેજો બનાવવા તથા છેતરપિંડી આચરવાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

# ફોન પે રિફંડના નામે ૬૪ હજારની ઓનલાઈન ઠગાઈ

**સ્ક્રીન** શેર કરાવી ખાતામાંથી રૂપિયા ઉપાડી લીધા

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં ઓનલાઈન છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે, જેમાં ગુગલ પરથી હેલ્પલાઈન નંબર શોધવાના ચક્કરમાં એક યુવક 64 હજાર રૂપિયાની છેતરપિંડીનો ભોગ બન્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ફરણી રોડ નજીક મોતીભાઈ સર્કલ સામે રાજલક્ષ્મી બંગ્લોઝની સામે પુષ્ટીધામ સોસાયટીના મ.નં. એ/203 માં રહેતા ચિરાગ રમેશચંદ્ર સુરા નામના યુવકે ફરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગત તા.5 ના રોજ રાત્રે 9.30 થી 10.00 વાગ્યાના આસપાસ ફરિયાદીએ પોતાના મોબાઈલમાં ફોન પે એપ્લીકેશનમાં રૂપિયા રિફંડ લેવા માટે ઓનલાઈન ગુગલ ઉપર ફોન પે યુપીઆઈ હેલ્પ લાઈન નંબર સર્ચ કર્યો હતો. ત્યારે 18002085107 નંબર મળતા તેઓએ તેના પર સંપર્ક કર્યો હતો. વાતચીત દરમિયાન સામાવાળા અજાણ્યા ઈસમે તેના વોટ્સએપ નંબર 6296957006 પરથી ફરિયાદીના વોટ્સએપ નંબર 9825945049 ઉપર રિફંડ બાબતના મેસેજ કરી મોબાઈલમાં સ્ક્રીન શેર કરાવી હતી અને ગુનાહિત કાવતરું રચી ફરિયાદીના બેંક ઓફ બરોડાના ખાતામાંથી કુલ રૂ. 64,011 ઉપાડી લઈ ઓનલાઈન છેતરપિંડી કરી હતી. આ સમગ્ર મામલે ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી ડેબિટ થયેલ રૂપિયા જે બેંક ખાતામાં ટ્રાન્સફર થયેલ હોય તે બેંકના ખાતા ધારક તથા ઉપયોગ કરનાર અજાણ્યા ઈસમ વિરુદ્ધ ફરણી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

---

મહાનગર પાલિકાની ફૂડ સેફ્ટી ટીમ દ્વારા સપાટો બોલાવાયો

# જ્યુબેલીબાગના જગદીશ અને ચોખંડીના ખંડેલવાલે સ્વચ્છતા ન જાળવતા શિડ્યુલ-૪ની નોટિસ ફટકારાઈ

**ગરબા** ગ્રાઉન્ડ્સ પર ૮૯ ખાણીપીણીના સ્ટોલ્સનું ઇન્સપેક્શન કરી ૨૨ નમૂનાઓ લેબોરેટરીમાં મોકલાયા

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૫

નવરાત્રી અને તહેવારો દરમિયાન શહેરીજનોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તે માટે વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખાએ ચેકિંગ ઝુંબેશ હાથ ધરી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં 13 ખાદ્ય એકમોનું નિરીક્ષણ કરી 22 શંકાસ્પદ ખાદ્યપદાર્થોના નમૂના લેવામાં આવ્યા હતા. જ્યારે અસ્વચ્છતા જણાતાં બે ફરસાણની દુકાનોને નોટિસ ફટકારવામાં આવી હતી.

મનપાની ટીમે ગોરવા, ભાયલી, અકોટા, નોવિનો-તરસાલી રોડ, ન્યુ સમા રોડ, ખંડેરાવ માર્કેટ, મહાવીર હોલ ચાર રસ્તા, જ્યુબિલીબાગ અને ચોખંડી વિસ્તારમાં તપાસ કરી હતી. આ દરમિયાન હળદર-મરચાં પાવડર, જલેબી, કલાકંદ, પેંડા, ડ્રાયફ્રૂટ રોલ, પાપડી, સેવ, ગાંઠિયા, મિક્સ અને ફાફડા સહિતની ખાદ્યવસ્તુઓના નમૂના લેવામાં આવ્યા હતા. આ નમૂનાઓને વધુ પૃથ્થકરણ માટે ફતેગંજની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

જ્યુબિલીબાગની જગદીશ ફરસાણ અને ચોખંડીની ખંડેલવાલ ફરસાણમાં અસ્વચ્છતા જણાતાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ શિડ્યુલ-4ની નોટિસ આપવામાં આવી હતી.

બીજી તરફ, નવરાત્રીના ગરબા ગ્રાઉન્ડમાં પણ ખાણીપીણીના સ્ટોલનું નિરીક્ષણ કરાયું હતું. નવલખી ગ્રાઉન્ડના વીએનએફ, મોતીબાગના એલવીપી, યુનાઈટેડ-વે અને ઓલ્ડ પાદરા રોડના આઈએમએ ગરબા ગ્રાઉન્ડ સહિત વિવિધ સ્થળોએ કુલ 89 સ્ટોલની તપાસ કરવામાં આવી હતી. સ્ટોલ સંચાલકોને સ્વચ્છતાના નિયમોનું ચુસ્ત પાલન કરવા અને તમાકુ કે તમાકુની બનાવટોનું વેચાણ નહીં કરવા કડક સૂચના આપવામાં આવી હતી.



---

ઔદ્યોગિક એકમો માટે લાયસન્સ ફીના નિયમો બદલાયા

# કારખાનાઓએ ૩૧ ઓક્ટોબર સુધી લાયસન્સ ફીનો તફાવત ભરવો પડશે

**નવા** કોડ મુજબ ફીની આકારણી, સમયમર્યાદા ચૂકી જનારને 25 ટકા દંડ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય, વડોદરા વિભાગ દ્વારા કારખાનાઓના લાયસન્સની ફી અંગે મહત્વની સૂચના જાહેર કરવામાં આવી છે. વર્ષ 2025થી લાયસન્સની ફીની આકારણી 'ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કન્ડિશન્સ કોડ, 2020' તથા તેના નિયમો મુજબ કરવામાં આવશે.

વિભાગના જણાવ્યા અનુસાર, અગાઉ ફેક્ટરી એક્ટ, 1948 અને ગુજરાત કારખાના નિયમો, 1963 મુજબ લાયસન્સ ફી ભરનારા અને જેમના લાયસન્સની અવધિ વર્ષ 2025 પછીની છે, તેવા કારખાનાના માલિકો તથા કબજેદારોએ નવા કોડ મુજબ થતી ફીનો તફાવત ભરવો ફરજિયાત છે. નવા લાયસન્સ, રિન્યુઅલ અને લાયસન્સમાં સુધારા માટે પણ નવા નિયમો મુજબ ફી ચૂકવવાની રહેશે. ફીનો તફાવત ભરવા માટે કારખાનાના કબજેદારોએ વિભાગની સત્તાવાર વેબસાઈટ [https://dish.gujarat.gov.in](https://dish.gujarat.gov.in) પર જઈ PUBLIC USER LOGIN હેઠળ FEE DIFFERENCE વિકલ્પ પસંદ કરીને ચુકવણી કરવાની રહેશે. ફીનો તફાવત ભરવાની છેલ્લી તારીખ 31 ઓક્ટોબર, 2026 નક્કી કરાઈ છે. સમયમર્યાદામાં ચુકવણી નહીં કરનાર પાસેથી બાકી તફાવતની ફી ઉપરાંત 25 ટકા દંડ વસૂલાશે. આથી સંબંધિત કારખાનાના માલિકો અને કબજેદારોએ નિયત સમયમર્યાદામાં ફી ભરી દેવા સંયુક્ત નિયામક દ્વારા અપીલ કરાઈ છે.